## ગુજરાત સાહિત્ય અકાદમી

**ગુજરાત સાહિત્ય અકાદમી**,
જુનુ વિધાનસભા ભવન,
ટાઉન હોલ પાસે, સેક્ટર-૧૭,
ગાંધીનગર.-૩૮૨૦૧૭.
૨૨૪૮૦ / ૨૬૮૯૭

પ્રતિ, શ્રી. ...............................
...............................
...............................
...............................

ક્રમાંકઃ ગસઅ-શિષ્ટમાન્ય-

વષય : **શિષ્ટમાન્ય પુસ્તકોના પ્રકાશન અર્થે લેખકોને આર્થિક સહાય આપવાની યોજના**

શ્રીમાન, ...............................
ઉપર્યુક્ત વિષય અંગે આપનો તા. ....................... નો પત્ર મળ્યો. આ સાથે ઉક્ત યોજનાને લગતું જરુરી સાહિત્ય નીચેની વિગતે મોકલ્યું છે.

(૧) આવેદનપત્ર

(૨) યોજનાના સામાન્ય નિયમો

આવેદનપત્ર સાથે હસ્તપ્રત આ કચેરીને પહોંચાડવાની છેલ્લી તારીખઃ ...................... છે. જે વિદિત થાય.

મહામાત્ર
**ગુજરાતી સાહિત્ય અકાદમી,**
ગાંધીનગર.

## <u>ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર</u>
## <u>શિષ્ટમાન્ય મૌલિક પુસ્તકોના પ્રકાશન માટે આર્થિક સહાય આપવાની યોજના અન્વયે સહાયક ગ્રાન્ટ માટેની શરતો</u>

1 આ યોજના હેઠળ ગુજરાતી ભાષામાં લખાયેલાં મૌલિક પુસ્તકો એટલે કે , વ્યાપક અર્થમાં ઇતિહાસ, તત્વજ્ઞાન, માનવશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, વિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર, સંસ્કૃતિ, કલા, ભાષા સાહિત્ય અને શાસ્ત્રીય સંશોધનને લગતાં શિષ્ટ મૌલિક પુસ્તકોના પ્રકાશન અર્થે સહાયક ગ્રાન્ટ આપી શકાશે. ખાસ કરીને કશીય આર્થિક સહાય વગર જે પુસ્તકો પ્રજાને સુલભ બનાવવાનું શક્ય ન હોય અને નાણાંકીય જવાબદારીને કારણે ખાનગી પ્રકાશકો અથવા સ્વૈચ્છિક સંસ્થાઓ જે પુસ્તકો પ્રકાશન અર્થે હાથ ધરવા તૈયાર ન થાય તેમ જ લેખકો પોતે આર્થિક કારણોસર પ્રકાશનની પૂર્ણ જવાબદારી ઉપાડી શકે તેમ ન હોય તેવાં પુસ્તકોનાં પ્રકાશનોને આર્થિક સહાય દ્વારા ઉત્તેજન આપવાનો આ યોજનાનો આશય છે.

2 ખાસ કરીને રાષ્ટ્રીય એકતાને પોષે, પ્રજાની સાંસ્કૃતિક ચેતનાને જાગૃત કરે, વ્યાપક દ્રષ્ટિએ ભારતીય સંસ્કૃતિને તેમજ વિશેષતઃગુજરાતની લોકસંસ્કૃતિને પ્રતિબિંબિત કરે, ઉગતી પેઢીના ચારિત્ર્યઘડતરમાં ફાળો આપે એવાં શિષ્ટમાન્ય પ્રકાશનોને આર્થિક સહાય માટે પાત્ર ગણવામાં આવશે. કાવ્ય, નાટક, નવલકથા, વાર્તા, ચરિત્રકૃતિઓ, રેખાચિત્રો, હળવા નિબંધો વગેરે જેવું લલિતસાહિત્ય આર્થિક સહાયની આ યોજનામાં વિચારી શકાશે નહીં.

3 લેખકે **ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત રાજયની નાણાકીય સહાયથી પ્રકાશિત એવી ઋણ સ્વીકારની પંકિત મુખપૃષ્ઠની પાછળ સ્પષ્ટ રીતે છાપવાની રહેશ.**

૪ પુસ્તકોની ૫૦૦ નકલ છાપવા માટે ખરેખર ખર્ચના ૭૫ ટકા અથવા રૂા. ૧૦,૦૦૦-૦૦ એ બેમાંથી જે રકમ ઓછી હોય તેટલી રકમ પ્રકાશન અર્થે સહાયક ગ્રાન્ટ તરીકે આપી શકશે.

૫ સહાયક ગ્રાન્ટ મંજૂર કર્યા બાદ તે અંગે આર્થિક સહાયની મળવાપાત્ર કુલ રકમ પુસ્તક પ્રગટ કરી તેનાં ખર્ચનાં બીલ, વાઉચર વગેરે રજૂ કર્યા પછી ચૂકવવામાં આવશે.

૬ **સહાયક ગ્રાન્ટ મંજૂર થયા પછી વધુમાં વધુ એક વર્ષની અંદર પુસ્તક પ્રગટ કરવાનું રહેશે.** તે માટે લેખકે જરુરી બાંહેધરી આપવાની રહેશે.

૭ અકદામી તરફથી મળેલી સાહયક ગ્રાન્ટની રકમ કોઇપણ ખાનગી પ્રકાશકને અથવા સંસ્થાને તબદીલ કરી શકાશે નહીં. તથા તે અંગેની આર્થિક સહાય અન્યત્રથી મેળવી શકાશે નહીં.

૮ પ્રગટ થયેલા પુસ્તકની **૧૫ નકલો** લેખકે ગુજરાત સાહિત્ય અકાદમીની કચેરીને વિનામૂલ્યે આપવાની રહેશે.

૯ પુસ્તકના પુનમુદ્રણના બધા હક લેખકને સ્વાધીન રહેશે.

૧૦ લેખકે પોતાની સંપૂર્ણ હસ્તપ્રત નિયત તારીખ સુધીમાં મહામાત્ર ગુજરાત સાહિત્ય અકાદમીની કચેરીમાં યોગ્ય અધિકારીને રૂબરૂ અથવા રજીસ્ટર્ડ ટપાલથી મોકલવાની રહેશે. હસ્તપ્રત ટાઇપ કરેલી અથવા કાગળની એક બાજુએ ચોખ્ખા અક્ષરે લખેલી અને પાના નંબર સાથે વ્યવસ્થિત રીતે બાંધેલી હોવી જરુરી છે. હસ્તપ્રતનાં છૂટાં પાના સ્વીકારવામાં આવશે નહીં. હસ્તપ્રતમાં મુખપૃષ્ઠ પર લેખકે પોતાનું નામ અને સરનામું સ્પષ્ટ રીતે દર્શાવવું. ગ્રંથની **હસ્તપ્રત રજૂ કરાયા બાદ તેનું નામ / શિર્ષક બદલી શકાશે નહીં.** હસ્તપ્રત મંજૂર થયા બાદ એની સામગ્રીમાં કોઇ પ્રકારનો ફેરફાર થઇ શકશે નહીં.

૧૧ પુસ્તકની જોડણી સરકાર માન્ય સાથે જોડણીકોશ પ્રમાણે રાખવાની રહેશે.

૧૨ સહાયક ગ્રાન્ટ માટેની પાત્રતા અથવા ગ્રાન્ટની રકમ અંગે વિધિસર નિર્ણય થઇ ગયા પછી એ બાબત અંગે અકાદમી કોઇ પત્રવ્યવહારમાં ઉતરશે નહીં.

૧૩ સહાયક ગ્રાન્ટ હેઠળ પ્રગટ થતાં પુસ્તકોમાં જાહેરખબર લઇ શકાશે નહીં.

૧૪ આ યોજના હેઠળ લેખકે જે તે વર્ષમાં એક જ હસ્તપ્રત રજૂ કરવાની રહેશે.

## <u>આવેદનપત્ર</u>

૧ લેખકનું પુરૂ નામઃ

૨ પત્રવ્યવહારનું સરનામું

૩ પુસ્તકનું શિર્ષક

૪ પુસ્તકનો વિષય
(ઇતિહાસ, તત્વજ્ઞાન, વિજ્ઞાન, કલા વગેરે)

૫ પુસ્તકના વિષયવસ્તુની સંક્ષિપ્ત રૂપરેખા

૬ પુસ્તકની અંદાજીત પૃષ્ઠસંખ્યા ડેમી સાઇઝ-એ-૫ મેટ્રીક સાઇઝ- ક્રાઉન સાઇઝ (બિનજરુરી છેકી નાખો)

૭ પુસ્તક છપાવીને પ્રગટ કરતાં ઓછામાં ઓછો કેટલો સમય લાગશે?

૮ આ જ પ્રકાશન માટે ગુજરાત સરકારની અથવા ભારત સરકારની બીજી કોઇ એજન્સી પાસે આર્થિક સહાયની માગણી કરી છે? (સહાય મળી તો તેની વિગત આપવી.)

૯ પ્રકાશન માટે સહાયક ગ્રાન્ટ માગવા માટેનાં ખાસ કારણો.

૧૦ આર્થિક સહાય ન મળે તો પ્રકાશન માટે બીજી કોઇ વ્યવસ્થા વિચારી છે?

તારીખ : ...............................

સ્થળ : ...............................

લેખકની સહી...........................

પ્રેષકઃ-

(લેખકનું નામ અને પુરૂ સરનામું :

પ્રતિ,
**ગુજરાત સાહિત્ય અકાદમી,**
જુનુ વિધાનસભા ભવન,
ટાઉન હોલ પાસે, સેકટર-૧૭,
**ગાંધીનગર-૩૮૨૦૧૭**

વષય : **શિષ્ટમાન્ય મૌલિક પુસ્તકોના પ્રકાશન અર્થે આર્થિક સહાય આપવાની યોજના**

શ્રીમાન, ...............................

ઉપર્યુક્ત વિષય અન્વયે આર્થિક સહાય અંગેની વિચારણા અર્થે હું આ સાથે દર્શાવેલ પુસ્તકની હસ્તપ્રત ................................................... (પુસ્તકનું શીર્ષક) જરુરી વિગતો સાથે મોકલું છું.

આર્થિક સહાય અંગેના બધા નિયમો મેં બરાબર વાંચ્યા છે અને એ મને બંધનકર્તા રહેશે એ હું સ્વીકારું છું.

મારા પુસ્તકના પ્રકાશન અર્થે અકાદમી સહાયક ગ્રાન્ટ મંજર કરશે તો સહાયક ગ્રાન્ટની બધી શરતોનું હું બરાબર પાલન કરીશ એ અંગે આથી હું અંગત બાંહેધરી આપું છું.

તારીખ ........................... **લેખકની સહી** ..........................